નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/ ૦૩
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, ગાંધીનગર.
તા. ૦૪-૦૪-૨૦૨૨.

# // પરિપત્ર //

વિષય: નિગમ ધ્વારા જુદી જુદી યોજના અન્વયે ફાળવેલ ઔદ્યોગિક પ્લોટ / શેડ / રહેણાંક પ્લોટ / આવાસો/ વાણિજ્ય પ્લોટ / મિલકતો વિગેરેના વ્યાજના દરમાં સુધારણા બાબત...

સંદર્ભ: (૧) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/એકા/૩૧/૪૨૪/૯૪ તા.૦૪/૦૪/૯૪

(૨) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૪૦ તા.૦૩/૧૦/૨૦૧૨

(૩) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૧૨ તા. ૨૭/૦૪/૨૦૨૧

(૪) સરક્યુલેટિંગ એજન્ડા અને ઠરાવ ક્રમાંક ૦૧/હિસાબ/નાણા/વ્યાજદર/૨૦૨૨-૨૩ તા: ૨૮/૦૩/૨૦૨૨

નિગમના ઉપરોક્ત પરિપત્રોના સંદર્ભમાં જુદી જુદી વસાહતોના વ્યાજના દરોમાં વખતો વખત ફેરફાર કરવામાં આવેલ છે. સંદર્ભ: ૩ના પરિપત્રથી નાણાકિય વર્ષ ૨૦૨૧-૨૨ માટે આ દર વાર્ષિક ૧૦.૫૦% મુજબ નિયત કરવામા આવેલ છે.

નાણાંકીય વર્ષ: ૨૦૨૨-૨૩ ના વ્યાજના દરની સમીક્ષા કરવા નિગમના નિયામક મંડળ દ્વારા સંદર્ભ-૪ મુજબના સરક્યુલેટિંગ ઠરાવથી રાષ્ટ્રીયકૃત બેંકો ધ્વારા નિયત કરવામાં આવતા ધીરાણના દરો, નિગમ ધ્વારા અગાઉ નિયત કરેલ દરો વગેરે બાબતો વિચારણામાં લઈને નાણાંકીય વર્ષ: ૨૦૨૨-૨૩ નો નિગમનો વ્યાજ દર ૧૦.૫૦% (સાડા દસ ટકા) યથાવત રાખવાનુ નક્કી કરવામા આવે છે.

ઉપરોક્ત પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવો અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી
જી.આઈ.ડી.સી., ગાંધીનગર.

રવાના કર્યુ

મેનેજર (મહેકમ)
જી.આઈ.ડી.સી., ગાંધીનગર.

પ્રતિ,

(૧) નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રી, તમામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન તરફ....... જાણ સારૂ.

(૩) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન તરફ....... જાણ સારૂ.

(૪) મેનેજર(એસ એન્ડ એ), જી.આઈ.ડી.સી., ગાંધીનગર તરફ જાણ સારૂ તેમજ નિગમની વેબસાઈટ ઉપર પ્રદર્શિત કરવા સારૂ.